## ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું



**વડાપ્રધાન નો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ વિદ્યાર્થીઓ એ નિહાળ્યો**

ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે વડાપ્રધાન ના પરીક્ષા પે ચર્ચાનું જીવંત પ્રસારણ નિહાળવા નો કાર્યક્રમ યોજાયો પરિક્ષા પે ચર્ચાની પ્રથમ આવૃત્તિ ૨૦૧૮ માં શરૂ કરવામાં આવી હતી જેને વિદ્યાર્થી સમુદાય દ્વારા સારો પ્રતિસાદ મળ્યો હતો પરિક્ષા પે ચર્ચા એ ત્યારથી આયોજિત વાર્ષિક કાર્યક્રમ છે અને આ કાર્યક્રમ દરમિયાન માનનીય વડા પ્રધાન દેશભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતા સાથે વાર્તાલાપ કરે છે અને વિદ્યાર્થીઓને મૂલ્યવાન સૂચન પણ આપે છે.પસંદ કરાયેલા કેટલાક વિજેતાઓને ભારતના માનનીય પીએમ સાથે વાર્તાલાપ કરવાની અદ્ભુત તક મળે છે. આ કાર્યક્રમ ને લઈને આર.ઓ પુણે દ્વારા નવોદય વિદ્યાલય ના પ્રિન્સિપાલ પ્રવિંદ ક્રિષ્નન ની નોડલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે વિવિધ જગ્યાએ આ કાર્યક્રમ નિહાળવા નું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર નરેન્દ્ર કુમાર મીણા ના માર્ગદર્શન હેઠળ નવોદય વિદ્યાલય ના પ્રિન્સીપાલ પ્રવિંદ ક્રિષ્નન ની દેખરેખ માં આ કાર્યક્રમ યોજાયો હતો.

## ડીસા મામલતદાર કચેરીના વર્ગ-૩ના કર્મચારીઓનું કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન



**જૂની પેન્શન યોજના ચાલુ કરવાની ઉગ્ર માંગ**

બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે આવેલ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા વર્ગ-૩ ના કર્મચારીઓએ જૂની પેન્શન યોજના ચાલુ કરવા માટે આજરોજ કાળી પટ્ટી ધારણ કરી સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. સમગ્ર ગુજરાતમાં વર્ગ-૩ ના કર્મચારીઓની જૂની પેન્શન યોજના બંધ કરી દેતાં સમગ્ર ગુજરાતના કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ પંજાબ અને રાજસ્થાનમાં જૂની પેન્શન યોજના ચાલુ કરવામાં આવી છે.જેથી ગુજરાતમાં પણ વર્ગ-૩ માં ફરજ બજાવતા કર્મચારીઓ પણ જૂની પેન્શન યોજના ચાલુ કરવા માટે ઉગ્ર માંગ કરી રહ્યા છે. ત્યારે આજે ડીસા ખાતે આવેલ મામલતદાર કચેરીમાં વર્ગ-૩ ના કર્મચારીઓ આજે સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો કાળી પટ્ટી ધારણ કરી જૂની પેન્શન યોજના ચાલુ કરવા માટે ઉગ્ર માંગ કરાઈ હતી. અને જો સરકાર દ્વારા વર્ગ-૩ ના કર્મચારીઓની જૂની પેન્શન યોજના ચાલુ નહીં કરવામાં આવે તો ટૂંક સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. હવે જોવાનું એ રહ્યું કે સરકાર દ્વારા વર્ગ ૩ ના કર્મચારીઓની પડતર માગણી સ્વીકારે છે કે કેમ કે પછી ગુજરાતમાં ફરી એક નવું આંદોલન છેડાશે ? તે તો આવનારો સમય બતાવશે.

**બનાસકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા...**

## ડીસામાં નવનિયુક્ત તાલુકાના સરપંચો- ડે. સરપંચોના સત્કાર સમારોહનું આયોજન

બનાસકાંઠા જીલ્લા ક્ષત્રીય સમાજ દ્વારા ડીસા તાલુકાના નવનિયુકત સરપંચો- ડેપ્યુટી સરપંચોનો સન્માન સમારોહ યોજાનાર છે જે તારીખ ૩ /૪/ ૨૦૨૨ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ ક.વર્ધમાન જૈન વિહાર ભીલડી રોડ આખોલ ચાર રસ્તા ડીસા ખાતે



બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં મુખ્ય આયોજક તરીકે બહાદુરસિંહ વાઘેલા (ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી અખિલ ભારતીય ક્ષત્રિય મંચ દિલ્હી) રહેશે. જેમાં મુખ્ય અતિથિઓમા પાટણના સાંસદ ભરતસિંહ ડાભી, રાજ્યસભા સાંસદ જુગલજી ઠાકોર, રાજ્યસભા સાંસદ દિનેશભાઈ અનાવાડિયા, જિલ્લા ભાજપ પ્રમુખ બનાસકાંઠાના ગુમાનસિંહ ચૌહાણ વગેરે તથા જિલ્લા તથા તાલુકા શહેરના તમામ અગ્રણીઓ કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના મુખ્ય ઉદ્ઘઘાટકોમાં માજી ગૃહ મંત્રી પ્રદેશ ભાજપ રજનીભાઈ પટેલ ,પ્રદેશ ભાજપ પ્રમુખ ભાજપ અને પ્રભારી બનાસકાંઠા નંદાજી ઠાકોર, ડીસા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયા, બનાસકાંઠા ભાજપના પ્રભારી સુરેશભાઈ શાહ, એપીએમસી ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત પત્રકાર મિત્રો ઉપસ્થિત રહેશે વધુમાં ઉલ્લેખનીય છે કે આ સન્માન સમારોહના કાર્યક્રમ બાદ સમસ્ત બનાસકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા તમામ આવનાર મહેમાનો અને ઉપસ્થિત રહેનારા લોકો માટે સ્વરુચિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત આજરોજ બહાદુરસિંહ વાઘેલાના કાર્યાલય ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં પત્રકાર મિત્રોને કવરેજ માટે આવકારવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ડીસા શહેર ભાજપ મિડિયા કન્વીનર સેલના કાન્તિલાલ લોધા દ્વારા પત્રકાર મિત્રોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા ભિલોડાના વાંકાનેર અને રીંટોડા ગામના મુખ્ય ધોરીમાર્ગ પર બમ્પ બનાવવાની તાતી જરૂરિયાત

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામ અને રીંટોડા ગામના મુખ્ય ધોરીમાર્ગ પર અકસ્માતોનું પ્રમાણ ધટાડવા માટે બમ્પ બનાવવાની તાતી જરૂરિયાત ઉદ્ભવી છે.વાંકાનેર ગ્રામ પંચાયત સરપંચ વિનોદભાઈ બરંડા અને રીંટોડા ગ્રામ પંચાયત સરપંચ ગોવિંદભાઈ પાંડોર સહિત જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ભિલોડા થી સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ને જોડતા મુખ્ય ધોરીમાર્ગ પર આવેલ રીંટોડા ગામના ત્રણ રસ્તા પાસે સત્વરે બમ્પ બનાવવા આવશ્યક છે. ભિલોડા થી ગાંભોઈ - હિંમતનગર ને જોડતા મુખ્ય ધોરીમાર્ગ પર વાંકાનેર હાઈસ્કુલ પાસે અને એસ.ટી. પીક અપ બસ સ્ટેશન પાસે બમ્પ બનાવવાની તાતી જરૂરિયાત ઉદ્ભવી છે.વાહનોની સંખ્યા દિન પ્રતિ દિન વધતા નાના - મોટા અકસ્માતોનું પ્રમાણ વધતા સલામતીના ભાગરૂપે જરૂરિયાત પ્રમાણે સત્વરે બમ્પ બનાવવાની માંગ પ્રવર્તતી છે.

**એલ એન.જી. ગેસમાં બમણો ભાવ વધારો**

# સાબરકાંઠાના સીરામીક ઉદ્યોગ ઉપર માસિક ૨૪ કરોડનું ભારણ

**રૂા. ૩૩માં મળતો ક્યુબિક મીટર લક્વિડ નેચરલ ગેસનો ભાવ ૫ ઉપર પહોંચ્યો**






બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

લીક્વિડ નેચરલ ગેસના ભાવમાં ૨ મહિનામાં બમણો વધારો થતાં સીરામીક ઉદ્યોગને મરણતોલ ફટકો પડ્યો છે. સાબરકાંઠાના ૧૦ સીરામીક ઉદ્યોગ ઉપર માસિક રૂ ૨૪ કરોડનું ભારણ વધ્યું છે. કરાર કરેલો હોય તેના કરતાં વધુ ક્યુબિક મીટર એલ.એન.જી.નો વપરાશ થઈ રહ્યો છે અને વધારાના ક્યુબિક મીટર દીઠ રુ ૧૦૧ ચૂકવવા પડે છે.

રાજ્યમાં કોરોના પછી ઉદ્યોગ ગૃહોની માઠી દશા બેઠી છે. સાબરકાંઠા અને મોરબીના સીરામીક ઉદ્યોગ ગુજરાતની શાન ગણાતી હતી પરંતુ હવે ઉદ્યોગ ગૃહોના પડતીના દિવસો શરુ થયા છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર સહિતના વિસ્તારમાં ૧૬ જેટલા સીરામીક એકમ આવેલા છે અને કરોડોના રોકાણ પછી ઉદ્યોગ સ્થાપવામાં આવેલો છે. પરંતુ કોરોના પછી સીરામીક ઉદ્યોગની માઠી દશા બેઠી. એક્સપોર્ટનો ધંધો પડી ભાંગ્યો જેથી માત્ર સ્થાનિક બજાર ઉપર જ સીરામીકનો ધંધો નિર્ભર બન્યો છે. પરંતુ લીક્વિડ નેચરલ ગેસના ભાવમાં થયેલા બમણા વધારાથી સીરામીક ઉદ્યોગની કેડ ભાંગી ગયા જેવી સ્થિતિ છે. એક સીરામીક ઉદ્યોગને દર મહિને દોઢ કરોડ રુપિયાનું ભારણ વધી ગયું છે. દરેક ઉદ્યોગ ગૃહને દર મહિને ૫.૫૦ લાખ કયુબિક મીટર એલ.એન.જી.નો વપરાશ છે. પ્રોડકશન વધતાં વપરાશ વધ્યો જેથી અગાઉ ૨૨ ? ના ભાવે એલ.એન.જી.ના કરાર કરેલ હતો તેમાં ભાવ વધારો થવાથી રુ ૫ પહોંચ્યો છે અને તેમાં નિયત કરેલા લીક્વિડ નેચરલ ગેસથી વધારાનો ગેસ વપરાય તો પ્રતિક્યુબિક મીટર રુ ૧૦૧ ચૂકવવા પડે છે. જેથી પ્રતિબિક મીટર ઉદ્યોગ ગૃહોને સે ૩૫ થી ૪૦નું ભારણ વધ્યું છે જે અસહ્ય છે. આ સંજોગોમાં રાજ્ય અને કેન્દ્ર સરકારે ખાસ કરીને સીરામીક ઉદ્યોગને બચાવી લેવા માટે વિશેષ પેકેજ આપવું રહ્યું અન્યથા જિલ્લાના અનેક ઉદ્યોગ ભૂતકાળ બની જાય તેવી દહેશત પ્રવર્તિ રહી છે.

**સીરામીકના યુનિટ દીઠ રુ દોઢ કરોડનું માસિક નુક્સાન..**

લીક્વિડ નેચરલ ગેસના ભાવ વધતાં સીરામીક ઉદ્યોગનો ઝગમગાટ ઝાંખો પડ્યો છે. સીરામીક એસોસીએશનના કેટલાક સભ્યોના જણાવ્યા અનુસાર દર મહિને સીરામીક યુનિટ દીઠ રુ દોઢ કરોડનું નુક્સાન થઈ રહ્યું છે. જેની ભરપાઈ કરવી મુશ્કેલ છે.

**એલ.એન.જી.નો ભાવ વધારો અસહ્ય – એસોસીએશન પ્રમુખ**

સાબરકાંઠા સીરામીક એસોસીએશનના પ્રમુખ મણીલાલ પટેલે જણાવ્યું કે છેલ્લા ૩-૪ મહિનામાં લીક્વિડ નેચરલ ગેસનો ભાવ બમણો થઈ ગયો છે અને દર ૩-૩ મહિને ગેસ વપરાશ માટેના એગ્રીમેન્ટ થતા હોય છે પરંતુ પ્રોડકશન વધતાં ગેસનો વપરાશ વધ્યો જેથી એગ્રીમેન્ટ કરતાં વધુ ગેસ વપરાય તો ક્યુબિક મીટર દીઠ વધારાના રુ ૧૦૧નો ભાવ ચૂકવવો પડે છે. જેથી સીરામીક યુનિટ ઉપર વધારાનું ૩૫ થી ૪૦નું ભારણ ક્યુબિક મીટર ઉપર ભોગવવું પડે છે.

**સાબરકાંઠામાં ૧૬ સીરામીક યુનિટ, માત્ર ૮૦ ટકા ગેસ મળે છે**

જિલ્લા સીરામીક યુનિટના અનેક એકમોના માલિકોએ જણાવ્યું કે અમારે લીક્વિડ નેચરલ ગેસની જરુરીયાત હોય છે તેની સામે માત્ર ૮૦ ટકા જથ્થો ઉપલબ્ધ બને છે. ૨૦ટકાની કાયમી અછત રહેતી હોય છે જેથી પ્રોડક્શન કોસ્ટ પણ ઉંચકાતી હોય છે.

**તંત્રનાં આકરાં વર, તમામ કામોની તપાસ થશે**

## છભૌ-અરજણવાવ માર્ગ ઉપરનાં નબળાં ગરનાળાં તોડી પાડવા

**એજન્સીની નબળી કામગીરી કોઈપણ સંજોગોમાં નહીં ચલાવાય - આર.એન્ડ બી.**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧



બાયડ તાલુકામાં છભૌ-અરજણવાવ-દખણેશ્વર માર્ગ ઉપર નબળી ગુણવત્તાનાં ગરનાળાં બનાવ્યાની ફરિયાદ પછી તંત્રએ ગરનાળાં તોડી નાખતાં હલચલ મચી ગઈ છે. એજન્સીની નબળી કામગીરી કોઈપણ સંજોગોમાં નહીં ચલાવાય તેવ સ્પષ્ટ સંદેશો વિભાગ દ્વારા આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં પી.એમ. ગ્રામ સડક યોજના હેઠળ રોડના કામ ચાલી રહ્યા છે જેમાં આર એન્ડ બી. પંચાયત દ્વારા ગુણવત્તામાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવતી નથી. છભૌ, અરજણવાવ, દખણેશ્વરના ૧૨ કી.મી. માર્ગના નિર્માણ માટે પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના હેઠળ રુ ૫.૫૦ કરોડ મંજૂર થયા હતા અને એજન્સીને ટેન્ડર લાગ્યા પછી કામગીરી શરુ કરવામાં આવી પરંતુ જ્યાં પણ કામ થયું ત્યાં નબળી ગુણવત્તા હોવાની ફરિયાદ વિભાગના અધિક્ષક એમ.કે.વસાવા સમક્ષ પહોંચ્યા પછી સ્થળ તપાસના આદેશ આપવામાં આવ્યા હતા જેમાં રિપોર્ટ મળ્યા પછી ગરનાળાંના બાંધકામમાં નબળુ મટીરીયલ્સ વપરાયાની વિગતો સામે આવતાં ૩ ગરનાળાં તોડવાના આદેશ આપવામાં આવ્યા હતા. વિભાગે જે.સી.બી. સાથે નબળાં ગરનાળાંનું કામ તોડી નાખ્યું હતું અને એજન્સીને નવેસરથી ગરનાળાં બનાવવા આદેશ આપ્યાનું વિભાગના એ.મ.ઈ. માલાણીએ જણાવ્યું છે. જે ૨.૪૦ લાખનાં ૩ ગરનાળાં તૂટતાં તાલુકામાં નબળું કામ કરનારી એજન્સીઓની હવે ખેર નથી તેવું ચિત્ર ઉપસ્યું છે.

## મોડાસા શહેરમાં ટેક્સના નાણાં ભરાવવા ધમપછાડા કરતી પાલિકાના માથે ૩૩.૭૦ કરોડનું દેવું!

**સિંચાઇનું બિલ ભરવામાં ઠાગા ઠૈયા**

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા નગર પાલિકામાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપ એક હથ્થુ શાસન સંભાળે છે. મોડાસા નગરપાલિકા તંત્ર સખ્તાઈ પૂર્વક મિલકત વેરો દર વર્ષે વસુલ કરવામાં આવે છે, જેમાં સામાન્ય પાણી વેરો અને ખાસ પાણી વેરો બે અલગ અલગ પ્રકારના વેરાના સમાવેશ છે . જોકે આ પાણી માટે વસુલ કરવામાં આવેલ નાણાં સિંચાઈ વિભાગમાં જમાં કરવામાં આવતા નથી. મોડાસાના એકમાત્ર માઝૂમ ડેમ છે જેમાંથી નગરના મોટાભાગના વિસ્તારોમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે પરંતુ વર્ષોથી માઝૂમ ડેમમાંથી પાણી મેળવતી પાલિકાએ છેલ્લા કેટલાય વર્ષોથી સિંચાઈ વિભાગને પાણીના નાણા ચૂકવ્યા જ નથી . વર્ષો થી પાણીના નાણાં જમાં ન કરવામાં આવતા પાલિકાનું દેવુ ૩૩,૭૦,૦૯,૨૬૩ કરોડ થઈ ગયુ છે. આ બાકી લેણાંના બીલની વસૂલાત માટે સિંચાઈ વિભાગ વારંવાર નોટિસ પાઠવે છે, પરંતુ પાલિકા ચુકવવાનુ નામ લેતી નથી. તો બીજી બાજુ પાણી પુરવઠા કચેરી જૂથ યોજના પણ સિંચાઈ વિભાગમાં બિલ ભરવામાં ગલ્લા તલ્લા કરતું હોય તેવું લાગે છે. પાણી પુરવઠા જૂથ યોજનાના ૧૮ લાખ ૨૨ હજાર ૮૯૪ રૂપિયા બાકી બોલે છે, પણ બંન્ને કચેરીઓ સિંચાઈ વિભાગમાં નાણા જમા ક્યારે કરાવશે તે સવાલ છે.

મોડાસાની ૮૦ હજારની વસ્તીને નગરપાલિકા ૧૬ હજારની આસપાસ નળ કનેક્શન મારફતે પાણી પુરૂ પાડે છે. એક હજાર લિટર પાણી ૩.૧૪ પૈસા લેખે માઝૂમ ડેમમાંથી આપવાવામાં આવે છે સિંચાઈ વિભાગ દ્વારા દર વર્ષે બિલની માંગણી કરવામાં આવે છે. આ વર્ષ એટલે કે, છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીનું આ બિલ ૩૩.૭૦ કરોડ રુપિયા પર પહોંચી ગયું છે. જોકે ઇતિહાસ જોતા આ બિલની ભરપાઇ થાય તેવુ લાગતુ નથી. આ અંગે નાયબ સિચાંઇ વિભાગ દ્વારા જણાવ્યુ હતું કે, મોડાસા નગરપાલિકા નગરજનો પાસેથી પાણી વેરો ઉઘરાવે છે પરંતુ સિચાંઇ વિભાગને પાણીનું બીલ ચુકવતી નથી. દર માસે બાકી લેણાંનુ બીલ મોકલવામાં આવે છે અને દર બે માસે ઉઘરાણી પણ કરવામાં આવે છે પરંતુ પાલિકા તરફથી કોઇ સાનુકૂળ પ્રતિસાદ મળતો નથી. પ્રજા પાસેથી કડકાઈથી ઉઘરાણી કરતી પાલિકા પોતાના માંગણાની રકમ ચુકવવામાં આળસ કરી રહી છે કે યોગ્ય આયોજનનો અભાવ છે તે એક મોટો પ્રશ્ન છે.

## મોડાસામાં ઓટો રિક્ષા ચલાવી ગુજરાત કરતા પરિવારના દીકરાએ શ્રીનગરમાં યોજાયેલ સોફ્ટ ટેનિસમાં બાજી મારી

મોડાસા, તા. ૧

કહેવાય છે કે, મન હોય તો માંડવે જવાય અને પરિશ્રમનો કોઈ જ વિકલ્પ હોતો નથી પછી તે ગરીબ હોય કે અમીર. વાત કંઈક આવી જ છે, મોડાસામાં એક ઓટો રિક્ષા ચલાવીનું ગુજરાત કરતા પરિવારના દીકરાએ રમત ક્ષેત્રે જિલ્લાનું



નામ રોષન કર્યુ છે. જમ્મુ કાશ્મીરમાં યોજાયેલી સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ શાળાને અપાવી ગૌરવ વધાર્યું છે. મોડાસા નગરની શ્રી સી.જી.બુટાલા સેકન્ડરી અને શ્રી બી.વી.બુટાલા હાયર સેકન્ડરી સર્વોદય હાઈસ્કૂલ માં ધોરણ – ૯ માં અભ્યાસ કરતો શીવ મહેન્દ્રભાઈ બરંડા એ જમ્મુ કાશ્મીર ખાતે યોજાયેલા ૧૫ મી સબ જુનિયાર નેશનલ સોફ્ટ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. તા. ૨૪ થી ૨૮ માર્ચ ૨૦૨૨ દરમ્યાન રાજબાગ શ્રીનગર (જમ્મુ /કાશ્મીર ) મુકામે આયોજીત ૧૫ મી સબ -જુનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપ માં ગુજરાત ની ટીમ તરફથી શીવ બરંડાએ રાષ્ટ્ર કક્ષાએ તૃતીય સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યુ છે. સોફ્ટ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ મેળવતા શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ આર.શાહે આ જુનિયર કક્ષાના પ્રતિભાશાળી ખેલાડીને બિરદાવતા આગામી સમયમાં પણ સર્વશ્રેષ્ઠ દેખાવ કરી પ્રગતિ કરતો રહે તેવી શુભેક્ષાઓ સહ અભિનંદન આપ્યા હતા. કેળવણી મંડળના પ્રભારી માનદમંત્રી કિરીટભાઈ કે.શાહ, પ્રભારી માનદમંત્રી પિયુષભાઈ જે.પટેલ અને શાળાના પ્રિન્સીપાલ ડો. આર.સી.મહેતા એ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરનાર શીવ બરંડા ને અને વિદ્યાર્થીમાં રહેલા કૌશલ્ય અને ક્ષમતા ને પારખી નિરંતર પ્રેકટીસ અને મહેનત દ્વારા એક પરિપકવ ખેલાડી તરીકે તેની પ્રતિભા ને બહાર લાવવા બદલ તેના માર્ગદર્શક કોચ કે.એ.જોષી , શ્રી વી.પી.પટેલ, ટેનિસ કોચ ટ્રેઈનર રવિન્દ્ર પુવાર અને અમિત ઉપાધ્યાય ને શાળાને શાળા પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**પાલનપુર નગરપાલિકાની બજેટ બેઠક બની તોફાની**

## પાલિકામાં નકલી નોટોનો વરસાદ: પાલિકામાં ચીરહરણનો થયો પ્રયાસ

**વિપક્ષના નેતાએ પાલિકા પ્રમુખની સાડીનો પાલવ ખેંચ્યોઃ તો વચ્ચે પડેલા પાલિકા ઉપપ્રમુખનું કોલર પકડતા મામલો ગરમાયો : પરિસ્થિતિ બેકાબુ બનતા પોલીસ પણ પાલિકામાં દોડી આવી હતી**

પાલનપુર, તા. ૧

પાલનપુર નગરપાલિકામાં આજે બજેટ માટેની બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપે બહુમતી





ના જોરે રૂ.૬૧.૭૯ લાખના પૂરાંતવાળા બજેટ ને મંજૂરી આપી ગણતરીની મિનિટમાં સાધારણ સભા આટોપી લેતા વિપક્ષના નેતા અંકિતા ઠાકોરે ભાજપના સત્તાધીશો પર નકલી નોટોનો વરસાદ વરસાવ્યો હતો .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે બાદમાં પાલિકા પ્રમુખ હેતલબેન રાવલની સાડીનો પાલવ વિપક્ષ નેતા અંકિતા ઠાકોરે ખેંચવાનો પ્રયત્ન કરતા પરિસ્થિતિ બેકાબુ થઈ હતી. ત્યાર બાદ પાલિકા ઉપપ્રમુખ હસમુખ પઢીયાર વચ્ચે પડતા તેમના શર્ટનો કોલર વિપક્ષના નેતા અંકિતા ઠાકોરએ ખેંચી લઈ તેને ઘેરવાનો પ્રયાસ કરતા સ્થિતિ વધારે વણસી હતી. મામલો ઉગ્ર બનતા પોલીસ પણ પાલિકામાં આવી પહોંચી હતી. ત્યારે શાસક પક્ષ ભાજપ દ્વારા વિપક્ષ ના નેતા સામે પોલીસ કાર્યવાહી કરવાની તજવીજ હાથધરી છે.

## મોડાસા : લાયન્સ સોસાયટી સંચાલિત શ્રી.વી.એચ.ગાંધી બહેરા મૂંગા શાળાના વાર્ષિકોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી

મોડાસા, તા. ૧

મોડાસા શહેરમાં આવેલી લાયન્સ સોસાયટી સંચાલિત શ્રી.વી.એચ ગાંધી બહેરા મૂંગા શાળામાં અરવલ્લી જીલ્લા સહીત આજુબાજુના જીલ્લાના દિવ્યાંગ





બાળકો અભ્યાસ કરી રહ્યા છે બહેરા મૂંગા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં શાળા અને શહેરનું નામ સમગ્ર રાજ્યમાં ગુંજતું કર્યુ છે અરવલ્લી જીલ્લા રમત ગમત કચેરીના સૌજન્યથી રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને બહેરા મૂંગા શાળા પરિવાર દ્વારા વાર્ષિકોત્સવની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી જેમાં દિવ્યાંગ બાળકોની પ્રતિભાએ મહેમાન અને ટ્રસ્ટીઓના હૃદયમાં આગવું સ્થાન બનાવ્યું હતું. શ્રી.વી. એચ.ગાંધી બહેરા મૂંગા શાળામાં અભ્યાસ કરતા બાળકોએ વાર્ષિકોત્સવની ઉજવણીનો પ્રારંભ સ્વાગત ગીત સાથે કરી બાળકોએ તેમનામાં રહેલી બહુમુખી પ્રતિભાના દર્શન કરાવતા વેશભૂષા, લોક નૃત્ય, ગરબા અને નાટક સહીતના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ડૉ.ટી.બી.પટેલ, જીલ્લા પ્રાંત યુવા અધિકારી બીજલ પટેલ, સમાજ સુરક્ષા વિભાગના અજીતસિંહ, લાયન કમલેશ પટેલ,સંસ્થાના મંત્રી મનુભાઈ પટેલ, ભાવેશભાઈ જયસ્વાલ ,લાયન્સ પ્રમુખ ગિરીશભાઈ પટેલ અને સંસ્થાના હોદેદારો, દાતાઓ, શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા આ વાર્ષિકોત્સવને સફળ બનાવવા શાળા પરિવાર અને આઈટીઆઈ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશ ચૌધરીએ કર્યુ હતું

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દાંત ખાટા કરતા લીંબુના ભાવ : કીલોનો ભાવ રૂા.૨૦૦ને પાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

જિલ્લામાં અસહ્ય ગરમીમાં લીંબુની માંગ વધવાની સાથે ભાવ આસમાને પહોંચ્યા છે. ઉનાળામાં અમૃત સમાન ગણાતા લીંબુ શરબતનું પીણું મોંઘુ પડે તે હદે કીલો લીંબુનો ભાવ રૂા.૨૦૦ને પારે પહોંચી ગયો છે. જ્યારે એક નંગ લીંબુ રૂા.૧૦ થી ૧૨ સુધીમાં વેચાય છે. જ્યારે ઘેર આવતા મહેમાનોનું સ્વાગત પણ લીંબુ શરબતથી થતું હોય છે. જેના કારણે લીંબુની મોટી માંગ જોવા મળી રહી છે પરંતુ હમણાંથી ભાવમાં



અસહ્ય વધારો થયો છે. જ્યારે માંગ વધવાની સાથે આવક ઘટી છે જેથી અન્ય રાજ્યમાંથી આયાત થતા લીંબુના ભાવ ગરમીના પારાની જેમ ઉંચકાઈ રહ્યા છે. જિલ્લામાં હાલમાં કીલો દીઠ લીંબુનો ભાવ રૂા.૧૨૦ સુધી સીધા જ ૨૦૦ સુધી પહોંચી ગયો છે. જ્યારે છૂટક લીંબુ ખરીદવા જાઓ તો વેપારીઓ મોં મચકોડી એક નંગ લીંબુનો ભાવ રૂા.૧૦ થી ૧૨ પડાવી લેતા હોય છે. જિલ્લામાં કર્ણાટક તેમજ આંધ્રપ્રદેશમાંથી લીંબુ આયાત થઈ રહ્યાં છે જેથી ભાવ ઉપર અસર થવા લાગી છે. જ્યારે મદ્રાસ તરફથી આયત થતા લીંબુના ભાવમાં વધારો થયાનું વેપારીઓ જણાવી રહ્યા છે. કાળઝાળ ગરમીમાં લીંબુ શરબત અમૃત સમાન મનાય છે પરંતુ જે રીતે ભાવ ઉંચકાઈ રહ્યા છે તે જોતાં લીંબુના ભાવ દાંત ખાટા કરે તેવી સ્થિતિ પેદા થઈ છે. જ્યારે આવક ઘટી હોવાથી આગામી સમયમાં લીંબુના ભાવમાં વધુ વધારો થવાની સંભાના છે.

**જન્મદિને વધામણી**



ઉર્વેશ દરજી
બાયડ



રાજન રાવ
સરપંચ બોરલ ગ્રામ પંચાયત
બોરલ તા.બાયડ



અતુલભાઇ પટેલ
ઋષિકુંજ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



ડો.અમૂલ વર્મા
ઇડર